ગાંધીનગર સમાચાર પાના નં: ૪
તા:-૨૧/૧૨/૨૦૨૫

# અમદાવાદને મળી તેની પ્રથમ "મેક ઈન ઈન્ડિયા" મેટ્રો ટ્રેન

## મુખ્યમંત્રીએ કોલકાતા સ્થિત ટિટાગઢ રેલ સિસ્ટમ્સ પ્લાન્ટમાં સ્વાગત કર્યું

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૨૦

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ શહેરને તેની પ્રથમ સ્વદેશી રીતે નિર્મિત 'મેક ઈન ઈન્ડિયા' મેટ્રો ટ્રેનની ભેટ શનિવારે આપી હતી.

કલકત્તા નજીક ટિટાગઢ રેલ સિસ્ટમ્સના આધુનિક પ્લાન્ટની મુલાકાત લઈને મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ મેટ્રો રેલ માટેના કોચીસનું લોન્ચિંગ કર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં "મેક ઈન ઈન્ડિયા" અને આત્મનિર્ભર ભારતને વેગ આપતું આ મહત્વપૂર્ણ કદમ ગુજરાત માટે ગૌરવરૂપ છે એમ તેમણે જણાવ્યું હતું.








ટિટાગઢ રેલ સિસ્ટમ્સ લિમિટેડ દ્વારા તેના ફેસેલિટી પ્લાન્ટમાં આ ટ્રેન મેક ઈન ઈન્ડિયા અંતર્ગત સ્વદેશી રીતે બનાવવામાં આવી રહી છે. આધુનિક મેટ્રો અને મુસાફર કોચના ઉત્પાદન માટે સક્ષમ આ પ્લાન્ટ અદ્યતન અને આધુનિક તકનીક તથા સાધનસામગ્રી સાથે સ્થાપિત કરવામાં આવેલો છે. ટિટાગઢ પ્લાન્ટમાં દેશના અનેક રાજ્યોના લોકો કાર્યરત છે તે પણ એક ભારત - શ્રેષ્ઠ ભારતનો વડાપ્રધાનશ્રીનો મંત્ર ચરિતાર્થ કરે છે તે માટે પણ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

અમદાવાદને મળી રહેલી આ મેટ્રો ટ્રેન શહેરમાં મેટ્રો રેલ વ્યવસ્થાની વધતી માંગ અને લોકપ્રિયતાને પહોંચી વળવા સાથે પબ્લિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમ્સને સુગમ બનાવશે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ (GMRCL)એ કોલકાતા સ્થિત ટિટાગઢ રેલ સિસ્ટમ્સ લિમિટેડને ૧૦ ટ્રેનોનો ઓર્ડર આપ્યો છે. આ ટ્રેન ફેઝ-૨ના ૨૧ કિ.મી.નું કાર્ય પૂર્ણ થતાં અને

● અનુસંધાન પાન-૭ પર

## મેટ્રો ટ્રેન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાકીનો ભાગ ટૂંક સમયમાં કાર્યરત થવાથી ઊભી થનારી વધારાની ટ્રેનોની જરૂરિયાતને પહોંચી વળશે.

ઉચ્ચ ગુણવત્તાના સ્ટેનલેસ સ્ટીલથી બનેલી આ મેક ઈન ઈન્ડિયા ટ્રેનોમાં રંગો અને ડિઝાઈનનો જે વિશેષ સ્પર્શ આપવામાં આવ્યો છે તે અમદાવાદની સંસ્કૃતિ અને પરંપરાને પ્રતિબિંબિત કરે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મેટ્રો રેલ માટે સ્વીકારેલી પ્રથમ મેક ઈન ઈન્ડિયા મેટ્રો ટ્રેન અંતિમ પરીક્ષણો પછી તથા સંબંધિત સત્તાધિકારીઓ પાસેથી પ્રમાણપત્ર મળ્યા બાદ થોડા જ દિવસોમાં અમદાવાદ પહોંચાડવામાં આવશે. ત્યારબાદ મુસાફરોની સેવામાં મૂકવામાં આવશે. એટલું જ નહિ, અમદાવાદ માટે બાકી રહેલી ૯ ટ્રેનો પણ ટિટાગઢ દ્વારા આગામી પન્દ્ર મહિનામાં તબક્કાવાર પૂરી પાડવામાં આવશે. વૈશ્વિક સ્તરે લાગુ પડતા તાજેતરના આંતરરાષ્ટ્રીય ધોરણો સાથે સુસસંગત આ મેક ઈન ઈન્ડિયા ટ્રેન ગુજરાત માટે ગૌરવરૂપ બનશે.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે વધુમાં કહ્યું કે, વડાપ્રધાનશ્રી એવા વિઝનરી લીડર છે કે, તેઓ દરેક કામમાં ભવિષ્યલક્ષી આયોજન અને નાનામાં નાના માનવીના ભલાનો વિચાર કરીને જ આગળ વધે છે. તેમના દિશાદર્શનમાં દેશના વિકાસમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટની જે મહત્વપૂર્ણ ભૂમિકા છે તેની વિગતો આપતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, પાછલા વર્ષોમાં દેશમાં રેકોર્ડ બ્રેક ગતિએ સડક નિર્માણ થયું છે. એરપોર્ટની સંખ્યા બમણી થઈ છે અને મેક ઈન ઈન્ડિયા સેમી હાઈ સ્પીડ વંદે ભારત ટ્રેનથી રેપીડ ટ્રાન્ઝિસ્ટને નવી દિશા મળી છે. ૨૦૧૪માં મેટ્રો નેટવર્ક ૨૪૮ કિલોમીટર હતું તે ૨૦૨૫માં વધીને ૧૦૧૩ કિલોમીટર થયું છે.

P.T.O.